બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

રમઝાનુલ મુબારક હી.સ.૧૪૩૩,
ઓગસ્ટ - ૨૦૧૨




અંક
૪૬



રૂ.
30/-

# રમઝાન માસની એક દુઆ

રમઝાન માસમાં પરવરદિગારની જે દયા-કૃપા હોય છે તેનો તાગ મેળવી શકાય તેમ જ નથી અને તેની બારગાહમાંથી મળવાવાળા સવાબની પણ કોઈ ગણત્રી કરી શકે તેમ જ નથી.

દરેક વ્યક્તિએ આ માસમાં રાત દિવસ ખૂબ જ વધારે સમય ખૂબ મોટા પ્રમાણમાં કુરઆન શરીફની તિલાવત અને દુઆઓ માંગવામાં પસાર કરવો જોઈએ. આ માસના ઘણાં આઅમાલ અને દુઆઓ બયાન કરવામાં આવી છે, તે પૈકી એક દુઆ નીચે પ્રમાણે છે જેને દરેક રાત્રે પઢવી જોઈએ, તેનાથી ચાલીસ વર્ષના ગુનાહો માફ કરી દેવામાં આવે છે.





E-mail : hadimasik@yahoo.com

અલ્લાહુમ્મા-રબ્બે શેહરે રમઝાનલ્લઝી-અનઝલ્તા ફીહિલ કુરઆના-વકતરઝતા ફીહે સિયામા-સલ્લેઅલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદન વરઝુકની-હજજા-બયતેકલ હરામે ફી આમી હાઝા-વ-ફીકુલ્લે આમે વગફિરલી તિલ્કઝ ઝુનુબલ ઈઝામે-ફ-ઈન્નોહૂ લા યગફિરહા ગયરકા-યા રહમાનો - યા અલ્લામો.

તરજુમો :- હે ખુદા ! હે રમઝાન માસના પરવરદિગાર !! તે આ (માસ)માં કુરઆન નાઝિલ કર્યું (ઉતાર્યું) છે. અને તેં આ (માસ)માં પોતાના બંદાઓ ઉપર રોજા વાજિબ કર્યા છે.

મુહમ્મદ અને આલે મુહમ્મદ પર પોતાની દયા - કૃપા (રહમત) નાઝિલ ફરમાવજો.

અને મને આ વરસે અને (હવે પછીના) દરેક વરસે તારા બયતે હરામની ઝિયારતની તવફીક અતા ફરમાવજો.

અને હે દયાળુ અને હે સર્વજ્ઞાની ! મારા મોટાથી પણ મોટા ગુનાહોને બખ્શી દે-કેમકે તે ગુનાહોને તારા સિવાય બીજો કોઈ બખ્શી શકે તેમ છે જ નહીં.





E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

અલ્લાહનું ઘર 'ખાનએ કાઅબા' છે. અલ્લાહની કિતાબ (પુસ્તક) કુરઆન છે. અલ્લાહનો દીન ઈસ્લામ છે. તેવી જ રીતે અલ્લાહનો મહીનો "રમઝાનુલ મુબારક" છે.

આ મહીનો પોતાની સાથે કેટલી બધી નેઅમતો લઈને આવે છે તેનો અંદાજો એ કથનો (રિવાયતો)માંથી લગાવી શકાય છે જેમાં આ મહીનાને બરકતોનો મહીનો - મગફીરત (ગુનાહોની માફી) નો મહીનો, દુઆઓની સ્વીકાર્યતા (કબૂલ થાય તે) નો મહીનો - દરિદ્રોને (તેમને દાન - દક્ષિણા આપીને) માન-મરતબો આપવાનો મહીનો - ખુદાની દયા-કૃપા (રહમત)નો મહીનો - જેમાં કુરઆન ઉતર્યું છે તે મહીનો - સમિત અને નાતિક કુરઆનનો મહીનો અને શબે કદ્રનો મહીનો કહેવામાં આવ્યો છે.

આ મહીનામાં જ શબે કદ્ર આવે છે. શબે કદ્રમાં લવહે મહેફૂઝ ઉપર કુરઆન ઉતારવામાં (નાઝિલ કરવામાં -લખવામાં) આવ્યું છે અને ઈમામતના સિલસિલાની બીજી કડી - રસૂલે સકલૈન (સ.અ.વ.)ના ફરઝન્દની મુબારક વિલાદતે તો રમઝાન માસની મહાનતામાં અનેકગણો વધારો કરી દીધો છે.

બંદગીના આ માસમાં ખુદાએ ભુખ્યા અને તરસ્યા રહેવાને પોતાની સાચી બંદગી ગણી છે.

વહાલા બાળકો !

જે બાળકોએ આ માસમાં રોજા રાખ્યા હોય તે પોતાનો ફોટો-નામ-ઉંમર અને કેટલા રોજા રાખ્યા છે તે વિગતો અમને અવશ્ય મોકલે. અમે તેમને પ્રોત્સાહન આપવા માટે તેમને 'હાદી'માં પ્રસિધ્ધ કરીશું અને તેમને ઈનામો પણ એનાયત કરીશું.

વહાલા બાળકો !

બાળકો તો માઅસૂમ હોય છે. તેમની માઅસૂમ દુઆઓ પાક પરવરદિગારને ખૂબ જ પસંદ આવે છે. રસૂલે ઈસ્લામ (સ.અ.વ.) પણ બાળકોને ખૂબ ચાહતા હતા.

તેથી તમે પણ રમતાં-રમતાં પોતાના 'હાદી' માસિક માટે, તેમાં સેવા આપનારાઓ માટે, તેના ગ્રાહકો અને વાંચનારાઓ માટે દુઆઓ જરૂર કરજો ! કેમકે આ મહીનો દુઆઓ કબૂલ થવાનો ખાસ મહીનો છે.

વસ્સલામ

**વાર્ષિક લવાજમ**

**રૂા. ૩૦૦/-**



# ઈમામતનું બીજું પુષ્પ

ઈમામ હસને મુજતબા અ.સ.ની વિલાદત સન ૩ હિજરીમાં મદીનામાં થઈ હતી. આપે સાત વરસ અને કેટલાક મહીના સુધી પોતાના નાના (રસૂલે ખુદા સ.અ.વ.)નો જમાનો જોયો હતો. પયગમ્બરે અકરમ સ.અ.વ.ની વફાત પછી આપ પોતાના પિતા હઝરત અલી અ.સ.ની છત્રછાયામાં ઉછર્યા હતા.

ઈમામ હસન મુજતબા અ.સ.એ પોતાના મહાન પિતાની શહાદત પછી પોતાનો ઈમામતનો સમગ્ર સમયગાળો કે જે લગભગ દસ વરસનો છે, રાજકીય રીતે અનેક મુશ્કેલીઓ અને સખ્તીઓ વેઠીને પસાર કર્યો હતો.

ઈમામ હસન અ.સ. પ્રતિષ્ઠિત અને નમ્ર વ્યક્તિત્વ ધરાવતાં હતા. આપ ગરીબોનો ઘણો ખ્યાલ રાખતા હતા અને રાત્રે તેઓને ભોજન વહેંચતા હતા અને તેમની દરેક રીતે મદદ કરતાં હતા.

છેવટે સને ૨૦ હિજરીમાં ઝેર આપવામાં આવ્યું તે કારણે આપની શહાદત થઈ ગઈ હતી.

# અનાથો પ્રત્યે પ્રેમ દાખવનાર

ઈમામ અલી અ.સ. પોતાના દેશની બધી બાબતોથી જાણકાર રહેતા હતા અને અનાથો - વિધવાઓ અને અશક્તો પ્રત્યે એક ક્ષણ માટે પણ બેધ્યાન થતાં નહોતા.

એક દિવસ આપ અ.સ. એ એક સ્ત્રીને જોઈ કે જે એક મશ્ક પોતાના ખભે મૂકીને લઈ જતી હતી. આપ અ.સ.એ તેની પાસેથી તે લઈ લીધી અને તે સ્ત્રીએ જ્યાં જવું હતું ત્યાં સુધી આપ અ.સ.એ તે પહોંચાડી દીધી. તે પછી તે સ્ત્રી પાસેથી તેની પરિસ્થિતિની જાણકારી મેળવવા લાગ્યા - ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે "મારા પતિને અલી અ.સ. ઈબ્ને અબીતાલિબે એક યુધ્ધમાં મોકલ્યો હતો ત્યાં તે માર્યો ગયો છે. તે કેટલાંક અનાથ બાળકો પણ પોતાની પાછળ મુકતો ગયો છે. મારી પાસે તેમની સારસંભાળ લેવા કે ઉછેર કરવા માટે કાંઈ નથી તેથી આ બાળકોનો ઉછેર કરવા માટે લોકોના કામો કરવા માટે મજબૂર થઈ ગઈ છું. આપ અ.સ. પોતાને ઘરે પાછા ફર્યા અને આખી રાત અશાંત રહ્યા. સવાર થઈ ત્યારે કેટલીક ખાદ્યસામગ્રી એક થેલામાં નાંખીને તે કુટુંબને પહોંચાડવા માટે પોતે જ તૈયાર થઈ ગયા. આપના સાથીઓએ કહ્યું "આપ આ અમને આપી દો - અમે પહોંચાડી દઈશું" તો આપ અ.સ.એ જવાબ આપ્યો "કયામતના દિવસે મારી જગ્યાએ મારા ભારે બોજાને કોણ વહોરી શકશે ?"

તે પછી આપ અ.સ. તે સ્ત્રીને ઘરે ગયા અને સાંકળ ખખડાવી, સ્ત્રીએ અંદરથી પુછયું, કોણ ? આપ અ.સ. એ ફરમાવ્યું "હું તે વ્યક્તિ જ છું જેણે



E-mail : hadimasik@yahoo.com

પાણીની મશ્ક તમારી પાસેથી લઈને અહિંયા સુધી પહોંચાડી હતી, બારણું ઉઘાડો, હું બાળકો માટે કેટલોક સામાન લઈને આવ્યો છું"

સ્ત્રીએ કહ્યું "ખુદા આપથી પ્રસન્ન રહે અને મારા તથા અલી અ.સ. ઈબ્ને અબીતાલિબ વચ્ચે ન્યાય તોળે."

આપ અ.સ. ઘરમાં પ્રવેશ્યા, તે પછી તે સામાન તેને આપ્યો અને કહ્યું કે "હું ખુદા પાસેથી સવાબ મેળવવા માંગું છું. બે કામ છે તે પૈકી એક હું કરી શકું- એક તો એ કે બાળકોને રમાડું અને તેમની સાથે રમું - અથવા તો તને લોટ બાંધી આપું જેથી તેમાંથી રોટલીઓ બનાવી શકાય. તું કહે કે તું મારી પાસે ક્યું કામ લેવા ઈચ્છે છે ? સ્ત્રીએ કહ્યું "હું લોટ બાંધવા અને રોટલી વણવાની બાબતે આપના કરતાં વધારે પાવરધી છું તેથી આપ બાળકોને રમાડો જેથી કરીને હું રોટલીઓ તૈયાર કરી શકું" તે સ્ત્રી કહે છે કે તે પછી હું લોટ બાંધવા લાગી અને અલી ઈબ્ને અબીતાલિબે પોતાના લાવેલા સામાનમાંથી ગોશ્ત (માંસ) લીધું, તે રાંધ્યું અને પોતે રાંધેલા માંસ - ખજુર અને પોતે લાવેલી અન્ય ખાદ્ય સામગ્રી પોતાના હાથે તે અનાથ બાળકોને ખવડાવી. બાળકોને કોળિયા આપતા જતા હતા અને કહેતા હતા કે "મારી પુત્રીઓ ! અલી અ.સ.ને કારણે તમારી જે પરિસ્થિતિ થઈ છે તેને માટે તેને માફ કરી દો."



જ્યારે તે સ્ત્રીએ લોટ બાંધી લીધો ત્યારે તેણે કહ્યું "હે ખુદાના બંદા ! ભઠ્ઠી (રોટલી શેકવા માટેનું સાધન) જલાવ. અલી અ.સ. તરત જ ભઠ્ઠી પાસે ગયા, તેમાં લાકડા નાંખ્યા અને તેમાં આગ પેટાવી. જ્યારે તેમાંથી આગની લપટો નીકળવા લાગી ત્યારે પોતાના મોઢાને

ભઠ્ઠીની પાસે કરી તેની ગરમી પોતાના મોઢા ઉપર લઈને કહેવા લાગ્યા "હે અલી ! આ આગની ગરમીનો સ્વાદ ચાખ ! આ અનાથો અને વિધવાની પરિસ્થિતિ પ્રત્યે બેદરકારી દાખવવાની આ તારી સજા છે."

એકાએક એક પાડોશી સ્ત્રીએ ઈમામ અલી અ.સ.ને જોઈ લીધા. તે આપને ઓળખતી હતી. તેણે તરત જ અનાથ બાળકોની માતાને કહ્યું "તને શરમ નથી આવતી. આ તો અમીરૂલ મોઅમેનીન અ.સ. છે" તે સ્ત્રી તરત જ આપ અ.સ.ની પાસે દોડી આવી અને આજીજીપૂર્વક કહેવા લાગી "હે અમીરૂલ મોઅમેનીન અ.સ. હું ખુબ જ શર્મિન્દા છું. આપ મને માફ કરી દો" ઈમામ અ.સ. ફરમાવવા લાગ્યા "હે ખુદાની દાસી ! હું પોતે જ તારાથી શરમિન્દો છું કે તારી પરિસ્થિતિ પ્રત્યે હું અત્યાર સુધી બેદરકાર રહ્યો અને તારી સારસંભાળ ન રાખી."

(મનાકિબ - ૨/૧૧૫)

શું તમે કોઈ વિધવા અથવા કોઈ અનાથ બાળકની કોઈ રીતે સહાયતા કરી છે ?





E-mail : hadimasik@yahoo.com

# કુરઆનનું પઠન-વાંચન



પોતપોતાના ઘરોને તિલાવતે કુરઆનથી પ્રકાશિત કરી દો અને તેને કબ્રસ્તાન ન બનાવી દો. (જે ઘરમાં કુરઆનની તિલાવત નથી થતી એ ઘર કબ્રસ્તાન જેવુ છે.) જે ઘરોમાં વિશેષ પ્રમાણમાં કુરઆનની તિલાવત થાય છે, ત્યાં અલ્લાહની અસિમ કૃપા પણ વિશેષ પ્રમાણમાં હોય છે અને આવા ઘરો આકાશવાળાઓને (ફરિશ્તાઓ) એવી જ રીતે ઝગમગતા દેખાય છે જેવી રીતે પૃથ્વીવાળાઓને આકાશમાં તારા ઝગમગતા દેખાય છે. (નબીયે અકરમ સ.અ.વ.)



અલ્લાહની પ્રસન્નતા, દીનની સમજણના આશયથી કુરઆનનું વાંચન કરનાર વ્યકિતને તમામ ફરિશ્તાઓ, નબીયો, મુરસલીન જેટલું પુણ્ય (સવાબ) પ્રાપ્ત થશે. (નબીયે અકરમ સ.અ.વ.)

# સવાલ-જવાબ



**પ્રશ્ન : મનુષ્યને આસમાની કિતાબની શું જરૂર હતી ?**

જવાબ : જગતના તમામ મેન્યુફેક્ચરર્સ પોતાના ઉત્પાદનો સાથે એક પુસ્તિકા પણ અવશ્ય તૈયાર કરે છે જેને તેઓ પોતાના ઉત્પાદનની સાથે રાખે છે, જેથી આ પુસ્તિકા (યુઝર્સ મેન્યુઅલ) ગ્રાહકો માટે માર્ગદર્શક બની શકે અને આ પુસ્તિકા દ્વારા જાણી શકે કે આ મશીન/ઉત્પાદનનો કેવી રીતે ઉપયોગ કરવો કે જેનાથી તેનો સર્વોત્તમ લાભ લઈ શકાય.

આ પુસ્તિકા લખનારો કોણ હોય છે ? શું મેન્યુફેક્ચરર સિવાય બીજો કોઈ આ પુસ્તિકા લખે છે ? ના, કદીયે નહીં ! પરંતુ આવી પુસ્તિકા તે જ લખે છે અથવા લખી શકે કે જે તે ઉત્પાદનનો બનાવનારો હોય અથવા બનાવી શકે તેમ હોય.

તેવી જ રીતે ખુદાવન્દે આલમે મનુષ્ય જાતિને પેદા કરી છે તેથી મનુષ્ય જાતિના માર્ગદર્શન માટે પુસ્તિકા પણ ખુદાવન્દે આલમ પોતે જ તૈયાર કરે તે જરૂરી હતું તેથી ખુદાવન્દે આલમે પોતે જ મનુષ્ય જાતિના માર્ગદર્શન માટે કુરઆન મજીદ અને તે પહેલા અમલમાં હતી તે



E-mail : hadimasik@yahoo.com



આસમાની પુસ્તકોની પણ વ્યવસ્થા કરી છે જેથી તે પછી કોઈને પણ મનુષ્ય જીવનના વ્યવહારો સંબંધિત બીજો કોઈ કાયદો - કાનુન બનાવવાના અધિકાર ન રહે.

તે એટલા માટે કે ફક્ત બનાવનારા જ જાણે છે કે તેણે શું બનાવ્યું છે ! ફક્ત બનાવનાર જાણે છે કે તેણે બનાવેલી વસ્તુ કેવી છે ! તેના માટે ખરૂં શું છે અને ખોટું શું છે ! તેના માટે આફતો અને મુશ્કેલીઓથી બચવા માટે શું જરૂરી છે ! તેથી જ તો તે પોતે ફરમાવે છે કે : "શું જેણે (સર્વ કાંઈ) પેદા કર્યું છે તે (પોતાના સર્જનથી) ના વાકેફ હોઈ શકે ખરો ? અને તે (તો) સુક્ષ્મદર્શી અને સર્વજ્ઞાની છે."

જે લોકો ઈલાહી કાનુન સીવાય બીજા કોઈ મનુષ્યે બનાવેલા કાનુનોને અનુસરે છે તે લોકો બિલકુલ એવી રીતે વર્તે છે કે કારખાનામાં બનાવેલ કોઈ ઉત્પાદનનો કોઈ તેના યુઝર્સ મેન્યુઅલ ની સૂચનાઓથી જુદી રીતે ઉપયોગ કરે અને છેવટે તો તેઓ તેનાથી નુકશાન વેઠે છે.



# સાચા રોઝા

જનાબ ફાતેમા ઝહરા (સલા.)એ નબીએ અકરમ (સ.અ.વ.)ની હદીસ વર્ણવી છે કે "જો રોઝો રાખનાર વ્યકિત પોતાની જીભ - કાન - આંખ અને શરીરના બીજા અંગોને ગુનાહથી બચાવીને ન રાખે તો તેને રોઝાનો શો ફાયદો થશે ?" (દઆએમુલ - ઇસ્લામઃ હદીસ નં.૧૦૧૩)

એક વખત આપ સાહેબ (સ.અ.વ.)એ જનાબ જાબિર બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું હતું કે "આ રમઝાનના મુબારક માસમાં જે વ્યકિત દિવસે રોઝો રાખે છે, રાત્રે દુઆ માંગતો રહે છે અને (આખાયે માસ દરમિયાન) જે પોતાના પેટ-મન-જીભ અને પ્રલોભનોને કાબૂમાં રાખે છે તે વ્યકિત પોતાના ગુનાહોથી એવી રીતે પાક થઈ જાય છે જેવી રીતે આ રમઝાન માસ આપણાં વચ્ચેથી પસાર થઇ જાય છે." જાબિરે અરજ કરી "હે અલ્લાહના નબી (સ.અ.વ.) કેટલો સારો વાયદો છે !" નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "પરંતુ જાબિર ! તેની શરતો કેટલી મુશ્કેલ છે ?" (અલકાફીઃ ભાગ-૪,પા.૮૭)





E-mail : hadimasik@yahoo.com

# નબી સ.અ.વ.ના બોધ વચનો

## (શિખામણો)

- મોમિન ના ત્રણ ઓળખ ચિન્હો છે :
  નમાઝ, રોજા, ઝકાત

- કોઈપણ જાતનો સંકોચ નહીં રાખનારા લોકોના ત્રણ ઓળખ ચિન્હો છે.
  ઉપસ્થિતિમાં ચાપલૂસી કરવી, અનઉપસ્થિતિમાં બુરાઈ કરવી,
  બીજાને મુસીબતમાં જોઈને રાજી થવું.

- અત્યાચારી વ્યક્તિના ત્રણ ઓળખ ચિન્હો છે.
  - જ્યારે તે શક્તિશાળી હશે ત્યારે પોતાનાથી ઓછી શક્તિવાળી વ્યક્તિ ઉપર કેર વરસાવશે. પોતાનાથી વધારે શક્તિશાળી વ્યક્તિ,
  - જ્યારે તે મુસીબતમાં હશે ત્યારે તેના ઉપર અત્યાચાર કરશે.
  - અત્યાચારી લોકોને સાથ સહકાર આપશે અને તેમને રક્ષણ પુરૂં પાડશે.

- પાખંડી વ્યક્તિઓના ત્રણ ઓળખ ચિન્હો છે.
  - લોકોની ઉપસ્થિતિમાં પ્રસન્નતા પ્રગટ કરશે.
  - એકાંતમાં આળસ કરશે.
  - અને એવી આશા રાખશે કે દરેક બાબતમાં તેની પ્રશંસા જ કરવામાં આવે.

(મન-લા-યહઝરહુલ ફકીહ માંથી ચૂંટી કાઢેલું)





# ભુખ્યું પ્રાણી

એક વખત ઈમામ હસન અ.સ.એ એક ગુલામને જોયો કે જેણે પોતાની સમક્ષ રોટલી રાખેલી હતી અને તે ખાઈ રહ્યો હતો. પરંતુ એવી રીતે કે રોટલીનો એક કટકો પોતે ખાતો હતો અને બીજો કટકો પોતાની પાસે બેઠેલા એક કૂતરાને ખવડાવતો હતો. ઈમામ હસન અ.સ. એ આ જોઈને તેને પુછ્યું "ભાઈ, તુ આવું કેમ કરે છે? તેણે કહ્યું કે "હું પોતે ખાઉં અને આને ન ખવડાવું તે મારા માટે શરમની વાત છે." ઈમામ હસન અ.સ.એ ફરમાવ્યું "તમે અહીંયાથી જતાં નહીં, હું હમણાં જ પાછો આવું છું" તે પછી ઈમામ હસન અ.સ. તે ગુલામના માલિક પાસે પોતે ગયા અને તે ગુલામને ખરીદી લીધો અને તે જે બગીચામાં રહેતો હતો તે બગીચો પણ ખરીદી લીધો અને પાછા આવીને ગુલામને આઝાદ કરી દીધો અને તે બગીચો પણ તે ગુલામને આપી દીધો.

(મનાકિબ - ૪/૧૬)





E-mail : hadimasik@yahoo.com




# શબે કદ્ર

પયગમ્બરે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "જે કોઈપણ વ્યક્તિ શબે કદ્ર (ની રાત્રે) ઈમાન અને સવાબના હેતુસર ઈબાદતમાં પસાર કરશે તેના અગાઉનાં (ભૂતકાળના) તમામ ગુનાહો માફ કરી દેવામાં આવશે. (ફઝાઈલે અશહરૂસ્સલાસા- પા ૧૩૨)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે "ભાગ્ય (રમઝાન માસની) ૧૯ મી ની-તેની પુષ્ટિ એકવીસમી ની અને તેના ઉપર સહી (સિક્કા) ત્રેવીસમીની રાત્રે થાય છે. (અલકાફી-ભા. ૪, પા. ૧૫૯)

રેહબરે ઈન્કિલાબે ઈસ્લામી આકાએ ખામનાઈ નો સંદેશો :

શબે કદ્ર અલ્લાહની બારગાહમાં તૌબા અને ગુનાહોની માફી માંગવાની (ઈસ્તિગફાર) રાત્રી છે. તેથી શબે કદ્રની કદર કરવી જોઈએ. (તેનું મહત્વ સમજવું જોઈએ)

શબે કદ્ર ખરેખર તો ઈમામે ઝમાનાની રાત્રી અને વિલાયતની રાત્રી છે. હઝરતે વલીયુલ અસ્ર (અરવાહોના લહુબફિદાઅ) નું ધ્યાન ધરવાની રાત્રી છે કેમકે સમગ્ર જગત ઈમામે ઝમાનાના અસ્તિત્વની ચારેકોર પ્રદક્ષિણા કરે છે.




# રોજા સ્વતંત્રતા કે નિયંત્રણો ?

મનુષ્યના મનમાં આવતા પ્રશ્નો પૈકી એક અગત્યનો પ્રશ્ન એવો પણ ઉદ્‌ભવે છે કે રોજામાં માણસ સખ્ત નિયંત્રણમાં જકડાએલ હોય છે અને આ વાત કેટલાક અંશે સાચી પણ છે પરંતુ એ પણ એટલી જ સત્ય હકીકત છે કે મનુષ્યે ઉચ્ચ શિખરો સર કરવા હોય તો પોતાના ઉપર કેટલાક નિયંત્રણો પણ લાદવા પડે છે. નિયંત્રણો જો કે સખ્ત હોય છે પરંતુ નિયંત્રણો વગર કોઈ પોતાના ઉચ્ચ લક્ષ્ય કે નિપૂણતા પ્રાપ્ત કરી શકતો નથી.

કોઈપણ વિદ્યાર્થી - ચિંતક કે કલાકારને પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે પોતાના ઉપર કેટલાક નિયંત્રણો લાદવા જ પડે છે જેમાં ટોચના સ્થાને સમયની પાબંદી છે, તે સિવાય પણ ઘણી હલાલ વસ્તુઓ તેને ત્યાગવી પડે છે અન્યથા ધારી સફળતા મળતી નથી.

પોતાના કુટુંબ-કબીલા-જ્ઞાતિ-નગર-દેશ અને જગતને ઉપદ્રવથી બચાવવા માટે મનુષ્યએ પોતાના ઉપર કૌટુંબિક-જ્ઞાતિય-પોતાના દેશના અને આંતરરાષ્ટ્રીય રીતરિવાજો અને કાયદા કાનુનના નિયંત્રણો સ્વીકારવા પડે છે તેવી જ રીતે દીન અને શરીઅતના અહકામ પણ એક પ્રકારે નિયંત્રણો જ છે જેના બે લક્ષ્ય છે.


E-mail : hadimasik@yahoo.com



(૧) મનુષ્યને વ્યક્તિગત અને માનસિક (મનોવૈજ્ઞાનિક) મુશ્કેલીઓ અને સામુહિક ઉપદ્રવથી સુરક્ષિત રાખવામાં આવે.

(૨) મનુષ્યમાં ભૌતિક અને અલૌકિક (આધ્યાત્મિક)-શારીરિક અને આત્મીય-વ્યક્તિગત અને સામુહિક નિપુણતા અને સંપૂર્ણતાનું નિર્માણ કરવું.

રોજા પણ અન્ય દીની અહકામની જેમ એક નિયંત્રણ તો છે જ. પરંતુ આ એક એવું નિયંત્રણ છે જે એક બાજુએ તો મનુષ્યમાં નિપુણતા અને સંપૂર્ણતાનું નિર્માણ કરે છે તો બીજી બાજુ તેને ઘણાં પ્રકારની ઉણપો-ઘણાં દોષો - ખોટી ઈચ્છાઓ અને કામવાસનાની કેદમાંથી મુક્તિ અપાવે છે.

મનુષ્ય માટેની સૌથી મજબૂત જેલ તેના પોતાના મનોવિકારો - લોભ લાલચ અને કામવાસના અને ઈચ્છાઓ છે અને ખરેખર તો તે વ્યક્તિ જ આઝાદ (સ્વતંત્ર) વ્યક્તિ છે જેણે પોતાની જાતને આ કેદથી આઝાદ કરાવી લીધો હોય, ઈમામ અલી અ.સ. ફરમાવે છે "મન તરકશ શહવા તે કાનાહુર્રં" જે લોકો પોતાની ઈચ્છાઓને ત્યાગે છે (એટલે કે તેના તાબે નથી થતાં) તેજ સફળતા પ્રાપ્ત કરે છે અને ખરા અર્થમાં તેઓ જ સ્વતંત્ર વ્યક્તિઓ છે અને રોજાને તેના ગુઢ રહસ્યો સમજીને રાખવામાં આવે તો તેનું સૌથી મોટું પરિણામ એ આવે છે કે તે મનુષ્યને તેના મનોવિકારો અને ઈચ્છાઓથી મુક્તિ અપાવી તેના ઉચ્ચ લક્ષ્યો પ્રત્યે તેની અભિરૂચી કેળવે છે.





# અહલેબૈત અ.સ. અને દેખ્યું અનદેખ્યું કરવું તે

દેખ્યું અનદેખ્યું કરવું - મનુષ્ય કોઈ બાબત જાણતો હોય તેમ છતાં કોઈ કારણસર તે પોતે તે બાબત જાણતો જ નથી તેવો વ્યવહાર અને દેખાવ કરે તેથી સામાવાળો એવું જ વિચારે કે આ વ્યક્તિ તે બાબતથી અજાણ છે. તેને દેખ્યું અનદેખ્યું કરવું (આંખ આડે કાન કરવા) કહેવાય છે. દા.ત. કોઈ બાળકને તમે ચોરી કરતા જુઓ તો જો તમે બધાની સામે તેને ચોર કહેશો તો તેનું અવળુ પરિણામ આવશે તેમ વિચારીને તમે તે બાળકને ચોરી કરતા જોયો જ નથી તેવું વર્તન કરીને તે બાળક સાંભળે તે રીતે તેને કહો કે હરામની વસ્તુઓ કે ધન લેવું તે માણસના આત્માને દુષિત કરે છે અને તેના ચરિત્રને પણ ખરાબ કરે છે તો તે બાળક આ વાત સાંભળશે અને તેના ઉપર અસર પણ થશે અને વિચારશે કે આજે તો મારી ચોરીની કોઈ જ જાણ થઈ નથી. પરંતુ ભવિષ્યમાં કોઈ વખત થઈ શકે છે અને હરામનો માલ ખાવો તે ગુનાહ પણ છે તેથી હવે હું ભવિષ્યમાં કદી ચોરી નહીં કરૂં.

તેવી જ રીતે આપણે લોકોના ખોટા અને અનૈતિક કામોથી વાકેફ હોઈએ તેમ છતાં તેમને અપમાનિત કર્યા વગર અથવા તેમને જાહેરમાં નીચું જોવું પડે તેવું વર્તન કર્યા વગર તે બાબત પ્રત્યે આંખ આડે કાન કરીને સુવ્યવસ્થિત અને અસરકારક રીતે લોકોને સમજાવીએ તો નિઃશંકપણે તેના ધાર્યા પરિણામ મેળવી શકાય છે.

માઅસૂમીન અ.સ.એ પણ પોતાની કથની અને કરણી, વાણી અને વર્તનથી આ બાબતમાં અનેક દ્દષ્ટાંતો પૂરા પાડ્યા છે.




ઈમામ અ.લી. અ.સ. ફરમાવે છે કે ''એક દયાળુ અને મહાન વ્યક્તિનું સૌથી મહામુલુ વર્તન એ છે કે તે પોતાની જાણકારીને બદલે અજાણતાં (આંખ આડે કાન કરવા)થી કામ લે. (ગરરૂલ હકમ - ભા.૨. પા. ૭૧૭)''

આપનો મહાન ઉપદેશ છે કે ''જે વ્યક્તિ ઘણી બાબતોમાં આંખ આડે કાન નથી કરતો - જાણ્યુ-અજાણ્યું નથી કરતો તે પોતાના જ સુખચેનને ખોઈ બેસે છે.''

(મુસ્તદરકુલ વસાઈલ-ભા-૨, પા. ૯૨)

આપનું ફરમાન છે કે ''માણસની અડધી બુધ્ધી તેની હોશિયારીમાં છે અને અડધી બુધ્ધી તેના આંખ આડે કાન કરવાના વર્તનમાં છે.''

**દૃષ્ટાંત :** એક વખત ઈમામ હસન અ.સ. મદીનાની શેરીમાંથી પસાર થતા હતા, ત્યાં આપને સિરીયાના રહેવાસી એક વૃધ્ધ વ્યક્તિનો ભેટો થઈ ગયો કે જે મુઆવિયાના માણસોના ખાનદાને રિસાલત અંગેના જુઠા અને ખોટા પ્રચારથી પ્રભાવિત થયેલ હતો તેણે ઈમામ અ.સ.ને જોતા જ આપને ગાળો ભાંડવાનું શરૂ કરી દીધું અને મન મૂકીને ઈમામ અ.સ.ને ભાંડ્યા - ગાળો આપી. તે જ્યારે થાકી ગયો ત્યારે જાણે તેની વાતો આપે સાંભળી જ નથી તેવી રીતે હસતાં-હસતાં ઈમામ હસન અ.સ. તેની પાસે ગયા અને તેને કહ્યું - લાગે છે કે તમો મુસાફર છો અને કદાચ તમે કેટલીક વાતો જાણતાં નથી.



જો તમે અમારી સાથે મિત્રતા માંગો તો અમે તમને અમારા મિત્ર બનાવી લઈશું. જો તમને કોઈ વસ્તુ જોઈતી હોય તો હું તમને તે વસ્તુ આપીશ, જો તમે અમારા પાસેથી કોઈ માર્ગદર્શન મેળવવા માંગતા હોય તો હું તમને તે બાબતે માર્ગદર્શન આપીશ. જો તમારો

કોઈ સામાન ક્યાંય પહોંચાડવાનો હોય તે સેવા માટે પણ હું તૈયાર છું. જો તમે ભૂખ્યા હોવ તો હું તમને ભોજન આપીશ. અને વસ્ત્રો ન હોય તો વસ્ત્રો આપીશ. જો તમારી પાસે રહેવાનું સ્થાન ન હોય તો હું તમને આશ્રય સ્થાન આપીશ. પોતાની સવારીને અમારા ઘરની દિશામાં ફેરવો, ત્યાં તમારી ઈચ્છા હોય ત્યાં સુધી અમારા અતિથી તરીકે રહો. આ તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે કારણ કે અમારૂં મકાન વિશાળ અને સગવડભર્યુ છે અને અમારી પાસે સાધન-સંપત્તિ પણ છે.

આ બધુ એકી સાથે સાંભળીને તે વૃદ્ધ વ્યક્તિમાં એકાએક પરિવર્તન આવી ગયું અને રડવા લાગ્યાં અને રડતાં રડતાં અનાયાસે કહેવા લાગ્યો - હું ગવાહી આપું છું કે નિઃશંકપણે આપજ ખુદાવન્દે આલમની તરફથી આ જગતમાં તેના ખલીફા (ઉત્તરાધિકારી) છો અને એ હકીકત ખુદા જ સર્વશ્રેષ્ઠ રીતે જાણે છે કે પોતાની રીસાલતના સ્થાનને ક્યાં મુકે. અત્યાર સુધી આપ અ.સ. અને આપના મહાન પિતા અ.સ. મારા મત પ્રમાણે મારા સૌથી મોટા શત્રુ હતા - પરંતુ આપ અ.સ. અને આપના મહાન પિતા અ.સ. હવે મારી સૌથી પ્રિય વ્યક્તિઓ છો.

આ ઈમામ અ.સ.નું આંખ આડે કાન કરવા - અને દેખ્યું અનદેખ્યું કરવાનું પરિણામ હતું કે એક જન્મજાત શત્રુ આપનો અને આપના ખાનદાનનો અત્યંત વિશ્વાસપાત્ર મિત્ર થઈ ગયો અને કેટલાક દિવસો સુધી ઈમામ અ.સ. ના ઘરે મહેમાન બનીને રહ્યો અને જતી વખતે મુહમ્મદ સ.અ.વ. અને આલે મુહમ્મદ સ.અ.વ. ના પ્રેમની દોલતથી માલામાલ થઈને ગયો. (બિહારૂલ અનવાર - ભા. ૪૩ - પા. ૩૪૪ - કરાફુલગમ્મા - ભા. ૨, પા. ૧૩૫)





E-mail : hadimasik@yahoo.com




# મહેરાબનો દિવસ

મોલાએ કાયનાત એક એવા મહાન વ્યક્તિ હતા જેઓ એક સંપૂર્ણ મનુષ્યમાં હોવી જોઈએ એવી દરેક ખુબી - દરેક ગુણ અને તમામ વિશેષતાઓ ધરાવતાં હતા.

પરંતુ અફસોસ કે શાંતિ, ભ્રાતૃભાવ, સમાનતા અને ઈસ્લામી સંસ્કૃતિની પ્રતિક સમી આ વ્યક્તિ પણ જગતવાંચ્છુ લોકોની દુશ્મનાવટથી બચી શકી નહીં અને ૧૯ રમઝાન સને ૪૦ હિજરીનાં દિવસે સવારે ખુદાના ઘર એટલે કે મસ્જિદમાં અને તે પણ તેઓ નમાઝમાં પ્રવૃત્ત હતાં ત્યારે ઝેર પાએલી તલવારથી તેમના મુબારક માથાને જખ્મી કરવામાં આવ્યું.

બે દિવસ હઝરત અલી. અ.સ.એ બીમારીના ખાટલે ખૂબ જ તકલીફમાં વિતાવ્યા અને ૨૧ રમઝાનના દિવસે સવારની નમાઝના સમયે આપની શહાદત થઈ. ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.એ આપને ગુસલ-કફન આપ્યા અને નજફની ધરતીમાં માનવતાના આ મહાન મુગટધારીને હંમેશ માટે ધરતીના હવાલે કરી દીધા.




# ઈબ્ને મુલ્જિમની સાથે ઈમામ અ.સ. નો વ્યવહાર

એમ તો આપ અ.સ.એ પહેલાં જ ઈબ્ને મુલ્જિમને કહી દીધું હતું કે તું જ મારો કાતિલ થઈશ અને રસૂલે ખુદા સ.અ.વ.ની ભવિષ્યવાણી પણ એજ હતી કે "હે અલી ! તમને ઉમ્મતનો સૌથી પાષાણ હૃદયી વ્યક્તિ કત્લ કરશે" અને થયું પણ એવું જ - કેમકે તે શક્ય જ નહોતુ કે માઅસૂમ અ.સ.ની વાણી ખોટી ઠરે.

જ્યારે ઈબ્ને મુલ્જિમે હઝરત અલી. અ.સ.ના મુબારક સર ઉપર તલવારથી વાર કર્યો તો આપ સખ્ત ઘાયલ થઈ ગયાં, તે પછી જ્યારે ઈબ્ને મુલ્જિમને પકડીને આપની સમક્ષ લાવવામાં આવ્યો તો તેને દોરડાથી જકડીને બાંધી દેવામાં આવ્યો હતો. આપે તરત જ તેના બંધનો ખોલી નંખાવ્યા. આપ જે પીતા હતા તે શરબત અથવા દૂધ તેને પીવા આપી દીધું.

તેની સાથેનો આપનો આ વ્યહાર અને તે પછી આપનું એવું કહેવું કે "જો હું જીવતો બચી જાઉં તો મને એ અધિકાર હશે કે હું ચાહું તો એને માફ



E-mail : hadimasik@yahoo.com

કરી દઉં અથવા તેને સજા કરૂં. પરંતુ જો હું આ દુન્યામાંથી વિદાય થઈ જાઉં તો (પોતાના પુત્ર હઝરત ઈમામ હસન અ.સ.ને સંબોધીને) અને તમે તેનો બદલો લેવા ચાહો તો તેના ઉપર ફક્ત એક જ વાર કરજો અને તેના નાક-કાન કાપી લેશો નહીં. તે એટલા માટે કે મેં રસૂલે ખુદા સ.અ.વ. પાસેથી સાંભળ્યું છે કે "કોઈ ને પણ 'મસલા' કરશો નહીં (એટલે કે નાક-કાન કાપી લેશો નહીં) ચાહે તે કરડતો કુતરો જ કેમ ન હોય." પછી આપે ફરમાવ્યું "હે અબ્દુલ મુત્તલિબના સંતાનો ! મારા પછી તમે અત્યાચાર અને જોરજુલ્મ કરતા નહીં - એટલે કે મારા કત્લનું ઓથુ લઈને સાર્વજનિક હત્યાકાંડ શરૂ કરી દેજો નહીં અને લોકોના માલ-મિલ્કતોને લૂંટશો પણ નહીં. (નહજુલ બલાગાહ-વસીયતે મકતૂબ-૪૭-કૌકબે દુર્રી-સંપૂર્ણ પ્રસંગ-પા. ૪૬૫) શરહે ઈબ્ને અબિલ હદીદ ભા-૧૩, પા. ૧૦૩-તારીખે અહમદી - પા. ૨૧૦ - કિતાબ અખ્બારે માતમ- પા. ૧૨૪- તારીખે યાઅકૂબી ભા-૨, પા. ૩૫૧, ઉર્દુ ભાષાંતર)"



આ છે હઝરત અલી અ.સ.નું ચરિત્ર અને તેમની ન્યાયપ્રિયતા - આપના આ ફેસલા ઉપર આજે પણ જગત આશ્ચર્યચકિત અને દિગમૂઢ છે કે અલી અ.સ. એ પોતાના કાતિલ માટે આવો ચુકાદો કેવી રીતે સંભળાવ્યો હશે !!!

# યવ્મુલ કુદસ

## (કુદસનો દિવસ)





રમઝાન માસનો છેલ્લો જુમ્આ (શુક્રવાર) "યવ્મે કુદસ" (કુદસનો દિવસ) છે અને આ યવ્મે કુદસ ઈમામ ખુમૈનીની કદી વીસરી ન શકાય તેવી યાદગાર છે.

"યવ્મે-કુદસ" મુસલમાનોના ખુબ જ મહત્વપૂર્ણ ધ્યેયો અંગે ચેતવણી આપવાનો દિવસ છે.

"યવ્મે કુદસ" યહૂદીઓના અત્યાચારી શાસનના અપવિત્ર મુખ ઉપર એક જોરદાર થપ્પડ છે.

આપણે આ દિવસે અત્યાચાર પીડિત પેલેસ્ટાઈનની જનતા અને તેમના શહીદો અને મસ્જિદે અક્સાની તરફદારી અને સહાયતાના કાજે અને બળજબરીથી સત્તા પચાવી પાડનાર યહૂદીઓ વિરૂદ્ધ પોતપોતાના વિસ્તારો-શહેરો-ગામડાઓ-સભાઓ અને મસ્જિદોમાં પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવા જોઈએ.





E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**દેવજાણી અલી**
**નાગલપૂર, અંજાર.**




**દાનાવાલા ફહીમા સોહીલ હુસેન**
**૧૫, ફીરદોસ સો., ભરૂચ.**



**દેવજાણી સાબીરહુસૈન રફીકઅલી**
**નાગલપૂર, અંજાર.**



**દેવજાણી રીઝવાના રફીકભાઈ**
**મોટી નાગલુપર, તા. અંજાર.**



# અવકાતે સહેરી વ ઈફતાર

## હિ.સ.-૧૪૩૩ સન - ૨૦૧૨

| ચાંદ | મહિનો | વાર | ખત્મે સહરી | વક્તે ઈફતાર |
|---|---|---|---|---|
| ૧ | ૨૧જુલાઈ | શનિ | ૪-૩૭ | ૭-૩૮ |
| ૨ | ૨૨ | રવિ | ૪-૩૭ | ૭-૩૮ |
| ૩ | ૨૩ | સોમ | ૪-૩૮ | ૭-૩૮ |
| ૪ | ૨૪ | મંગળ | ૪-૩૮ | ૭-૩૮ |
| ૫ | ૨૫ | બુધ | ૪-૩૮ | ૭-૩૭ |
| ૬ | ૨૬ | ગુરૂ | ૪-૩૯ | ૭-૩૭ |
| ૭ | ૨૭ | શુક્ર | ૪-૪૦ | ૭-૩૬ |
| ૮ | ૨૮ | શનિ | ૪-૪૦ | ૭-૩૬ |
| ૯ | ૨૯ | રવિ | ૪-૪૦ | ૭-૩૬ |
| ૧૦ | ૩૦ | સોમ | ૪-૪૧ | ૭-૩૫ |
| ૧૧ | ૩૧ | મંગળ | ૪-૪૧ | ૭-૩૫ |
| ૧૨ | ૧ ઓ. | બુધ | ૪-૪૧ | ૭-૩૪ |
| ૧૩ | ૨ | ગુરૂ | ૪-૪૨ | ૭-૩૩ |
| ૧૪ | ૩ | શુક્ર | ૪-૪૨ | ૭-૩૨ |
| ૧૫ | ૪ | શનિ | ૪-૪૩ | ૭-૩૨ |

'સહેરી' અને 'ઈફતાર' માટે સુબ્હ સાદિકની પહેલા અને મગરીબ પછી થોડો સમય તે ખાસ વસ્તુઓ છોડી દે જે રોઝાને બાતીલ કરે છે. (તવઝીહુલ મસાએલ)

| ચાંદ | મહિનો | વાર | ખત્મે સહરી | વક્તે ઈફતાર |
|---|---|---|---|---|
| ૧૬ | ૫ | રવિ | ૪-૪૩ | ૭-૩૧ |
| ૧૭ | ૬ | સોમ | ૪-૪૩ | ૭-૩૧ |
| ૧૮ | ૭ | મંગળ | ૪-૪૪ | ૭-૩૦ |
| ૧૯ | ૮ | બુધ | ૪-૪૫ | ૭-૩૦ |
| ૨૦ | ૯ | ગુરૂ | ૪-૪૫ | ૭-૨૯ |
| ૨૧ | ૧૦ | શુક્ર | ૪-૪૫ | ૭-૨૮ |
| ૨૨ | ૧૧ | શનિ | ૪-૪૬ | ૭-૨૮ |
| ૨૩ | ૧૨ | રવિ | ૪-૪૬ | ૭-૨૭ |
| ૨૪ | ૧૩ | સોમ | ૪-૪૬ | ૭-૨૬ |
| ૨૫ | ૧૪ | મંગળ | ૪-૪૭ | ૭-૨૫ |
| ૨૬ | ૧૫ | બુધ | ૪-૪૭ | ૭-૨૫ |
| ૨૭ | ૧૬ | ગુરૂ | ૪-૪૭ | ૭-૨૪ |
| ૨૮ | ૧૭ | શુક્ર | ૪-૪૮ | ૭-૨૩ |
| ૨૯ | ૧૮ | શનિ | ૪-૪૮ | ૭-૨૩ |
| ૩૦ | ૧૯ | રવિ | ૪-૪૯ | ૭-૨૨ |

નોંધ : (૧) વક્તે ઈફતારમાં એહતીયાત ટાઈમ રાખવામાં આવેલ છે.
(૨) બની શકે તો મગરીબની અઝાન પુરી થાય પછી જ રોઝો ખોલવાનો આગ્રહ રાખવો.

## ઈફતારની દુઆઓ

બિસ્મિલ્લા હિરરહમા નિર રહીમ

**યા અઝીમો યા અઝીમો અન્ત ઈલાહી લાએલાહલી ગય્રોકા ઈગફિર લેયઝ ઝન્બલ અઝીમ ફઈન્નહુ લાયગફેરુઝ ઝન્બલ અઝીમ ઈલ્લલ અઝીમ.**

પહેલો લુકમો લેતી વખતે આ મુજબ કહે :

બિસ્મિલ્લા હિરરહમા નિર રહીમ

**યા વાસેઅલ મગફેરતે ઈગફિરલી. અલ્લાહુમ્મ લક સુમતો વ અલા રિઝકેક અફતરતો વ અલયક તવક્કલતો.**

ઈફતાર વખતે ''સુરએ ઈન્ના અન્ઝલનાહ'' પઢવો સુન્નત છે.

સુન્નત છે કે મગરીબની નમાઝ પઢી રોઝો ઈફતાર કરે.





E-mail : hadimasik@yahoo.com

# રમઝાનુલ મુબારક માસના ખાસ દિવસો

- **૧-રમઝાનુલ મુબારક :** સને ૨૦૦ હિજરી આજના દિવસે મામૂન નામના ખલીફાએ ઈમામ રિઝા (અ.સ.)ને ફક્ત દેખાવ પૂરતા પોતાના 'વલીઅહદ' બનાવ્યા હતાં.



- **૩-રમઝાનુલ મુબારક :** સને ૯ હિજરીમાં આજના દિવસે 'તબૂક' નામનું યુધ્ધ થયું હતું.

- **૬-રમઝાનુલ મુબારક :** સને ૨૦૧ હિજરીમાં ઈમામ રિઝા (અ.સ.)ના નામનો સિક્કો ચલણમાં મુકવામાં આવ્યો હતો.



- **૧૦-રમઝાનુલ મુબારક :** આજના દિવસે રસૂલ અકરમ (સ.અ.વ.)ના પ્રથમ અને વફાદાર પત્નિ જનાબે ખદીજા (સ.અ.) અવસાન પામ્યાં હતાં.

- **૧૫-રમઝાનુલ મુબારક :** આજના દિવસે હઝરત ઈમામ હસન (અ.સ.)ની નૂરાની વિલાદત થઈ હતી. આપ સને ૩ હિજરી માં જન્મયાં હતાં.



- **૧૭-રમઝાનુલ મુબારક :** સને ૨ હિજરીમાં આજના દિવસે ઈસ્લામની પ્રથમ લડાઈ ''જંગે બદ્ર'' (બદ્રની લડાઈ) થઈ હતી.

- **૧૯-રમઝાનુલ મુબારક :** હઝરત અલી (અ.સ.)ના માથા ઉપર નમાઝની સ્થિતિમાં વાર કરવામાં આવ્યો હતો.



- **૨૦-રમઝાનુલ મુબારક :** આજના દિવસે મક્કા શહેર જીતી લેવામાં આવ્યું હતું. આ મહાન યુધ્ધ સને ૮ હિજરીમાં થયું હતું.

- **૨૧-રમઝાનુલ મુબારક :** આજના દિવસે આપણાં આકા અને મૌલા હઝરત અલી (અ.સ.) શહીદ થયાં હતાં.



- **૨૩-રમઝાનુલ મુબારક :** આજના દિવસે જ ''શબે કદ્ર''માં કુરઆન નાઝિલ થયું (ઉતર્યું) હતું.

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


નામ - ભોજાણી રૂહીફાતેમા મહમદ અબ્બાસ
વિષય :- હદીસો વંય :- 5 [વર્ષ]
સરનામુ :- પરીમલ સોસાયટી પાલીતાના

☆ હઝરત અલી અ.સ. ☆
ઇન્સાન અપની ઝીંદગી મેં હર ચીઝ કે ચીઝ [illegible]
[illegible]

☆ હઝરત કાઝીમ અ.સ. ☆
[illegible]
"બિસ્મિલ્લાહ હિર્રહમાન નિર્રહીમ" [illegible]

[ હાદી માસીક મને ખુબ ગમે છે [illegible] હાદી માસીક આવતુ રહે તે માટે દુઆ કરૂ છુ ]

**ભોજાણી રૂહીફાતેમા મહંમદ અબ્બાસ**
પરીમલ સોસાયટી, પાલીતાણા.


ઈ.ઈ. હુસૈન અ.સ.
નામ: ઈ. હુસૈન અ.સ.
માતા નુ નામ: જ. ફાતેમા ઝેહરા સ.અ.
પિતા નું નામ: ઈ. અલી અ.સ.
નાની નુ નામ: જ. ખદીજતુલ કુબરા સ.અ.
નાના નુ નામ: ર. રસુલે ખુદા સ.અ.વ.
દાદી નું નામ: જ. ફાતેમા બિન્તે અસદ.
દાદા નું નામ: ઈ. અબુતાલીબ અ.સ.
જન્મ તા: 3, શાબાન હિજરીસન 4.
નામ: ફાતેમા એમ ભારમલ
ધોરણ: 4
સરનામુ: ધાવડી ચોક નજફ કોમ્પલેક્સ. મહુવા.

**ફાતેમા એમ. ભારમલ**
ધાવડી ચોક, નજફ કોમ્પલેક્ષ, મહુવા.


નામ: દેવજાણી સાબીરહુસૈન રફીકઅલી
ધો. 7 ઉંમર: 13
હાજી નાજી બોર્ડીંગ

હાદી માસિક
[illegible]

"સલામ બાદ જણાવવાનું કે અમને તમારુ "હાદી માસિક" ખુબજ ગમે છે.
અમે હાદી માસિક વાંચવાની ખુબ મજા આવે છે. અમે વાંચીને ખુબજ સારું જાણવા મળે છે.
અમે હાદી માસિકમાં કિસ્સા, સવાલજવાબ, ઉખાણાં, જાણવા જેવું, શહાદત, વિલાદત, બાળકોની ડાયરી, વાતો, [illegible], વગેરે અમે ખુબ ગમે છે.
[illegible]

યા અબ્બાસ (અ.સ.)

**દેવજાણી સાબીરહુસૈન રફીકઅલી**
હાજી નાજી બોર્ડીંગ.


[illegible]
ગામ: નાગલપુર ઉંમર: 13
તાલુકો: અંજાર
જીલ્લો: કચ્છ

હદીસ
★ [illegible]
★ ર. રસુલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે [illegible]
★ ઈમામ જાફરે સાદિક અ.સ. ફરમાવે છે કે :- [illegible]

યા હુસૈન (અ.સ.)

**દેવજાણી સાબીરહુસૈન રફીકઅલી**
નાગલપૂર, અંજાર.

E-mail : hadimasik@yahoo.com

# ભોજન સામગ્રીની સંગ્રહખોરી

રસૂલે ખુદા સ.અ.વ. થી રિવાયત છે કે "જો કોઈ વ્યક્તિ ખાદ્ય અને ભોજન સામગ્રીની ચાલીસ દિવસ સુધી સંગ્રહખોરી કરી રાખે અને તેનો આશય એવો હોય કે તેનાથી મુસલમાનોમાં ખાદ્ય સામગ્રીની અછત ઉભી થશે અને તેને કારણે તે મોંઘા ભાવે વેચી શકશે. અને તે પછી તે તેની કિંમત સદકો (દાન) કરી દે તો પણ તેનાથી તેના ગુનાહનો કફ્ફારો (ગુનાહની માફી) થશે નહીં."

નબી સ.અ.વ. થી રિવાયત છે કે "જો કોઈ વ્યક્તિ ચાલીસ દિવસથી વધારે સંગ્રહખોરી કરશે તો ખુદાવન્દે આલમ તેના ઉપર જન્નતની સુગંધ પણ હરામ કરી દેશે."

આપ સ.અ.વ. થી રિવાયત છે કે "મુસલમાનોમાં તેની અછત ઉભી કરવાના ઈરાદાથી જો કોઈ વ્યક્તિ ખાદ્ય-ભોજન સામગ્રીની સંગ્રહખોરી કરશે તો તેના પ્રત્યે ખુદાની કોઈ જવાબદારી રહેશે નહીં."






# ઈદે ફિત્રનો દિવસ

ઈદે ફિત્ર–મુસલમાનોની ઈદ–ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામની પ્રતિષ્ઠાનું કારણ અને ઈસ્લામનો કયારેય ખત્મ ન થનારો ખજાનો છે.

આ દિવસે અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે કે :

હે લોકો ! આ એ દિવસ છે જેમાં સદ્‌કાર્યો કરનારાઓને તેમના સદ્‌કાર્યોનો સવાબ મળશે. અને જે લોકોએ રમઝાનમાં બુરા કૃત્યો કર્યા છે તેઓ નુકશાનમાં રહેશે અને (અલ્લાહની દયા અને કૃપાથી) વંચિત રહેશે અને ખરેખર તો આ દિવસ એ વ્યકિત માટે ઈદનો દિવસ (ખુશાલીનો દિવસ) છે જેના રોઝા–નમાઝો અને ઈબાદતોને પરવરદિગારે કબુલ કર્યા હોય, અને દરેક વ્યકિત માટે એવો દરેક દિવસ ઈદનો દિવસ છે જેમાં તેણે પરવરદિગારની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન ન કર્યું હોય.


E-mail : hadimasik@yahoo.com

# રમઝાનુલ મુબારકનો બદલાયેલો યુગ...

**પહેલાના જમાનાની તસ્બીહ**



**આજના જમાનાની તસ્બીહ (રિમોટ)**






## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

# શું સાચા રોજાનો અર્થ આ છે ?



◀◀ સહેરીમાં પેટ ભરીને જમવાનું

આખો દિવસ સુવાનું ▶▶





પછી...

◀◀ ફરીથી પેટ ભરીને જમવાનું

- ના ! આ ખોટું છે.


## HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


